દાખલ તા. ૧૭/૦૬/૨૦૨૫.
રજી.તા. ૧૭/૦૬/૨૦૨૫.
ફેસલ તા. ૦૮/૦૫/૨૦૨૬.
સમય વર્ષ માસ દિવસ

**મે. દયાપરના પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ.દયાપર-કચ્છ.**

દિવાની દાવા નંબર.૧૯/૨૦૨૫.
આંક-

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.
મારફતે નાયબ ઈજનેરશ્રી,
દયાપર,વિભાગીય કચેરી,
દયાપર, તા.લખપત-કચ્છ. **// વાદી**

**વિરુદ્ધ**

સોઢા ગુલાબસિંહ મંગલસિંહ
ધંધો-ખેતી,રહે.આશાપર,
તા.લખપત-કચ્છ. // **પ્રતિવાદી**

વાદી તર્ફે - વિ.વ.શ્રી.આર.જી.જયપાલ.
પ્રતિવાદી તર્ફે - એકતરફી.

.................................................................................................................

**દાવો> લેણી રકમ રૂ.૨૫,૭૩૫.૦૧/- પૈસા તથા ડી.પી.સી.ચાર્જ રૂ.૨૦,૦૯૪.૪૬/- પૈસા એમ કુલ રૂ.૪૫,૮૨૯.૪૭/- પૈસા વ્યાજ ખર્ચ સહિત વસુલવા બાબત...**

.................................................................................................................

## -:ઠરાવ:-

(૧). વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી ગુજરાત વીજ કંપની લી. ઇન્ડિયન ઇલેક્ટ્રિસિટી એક્ટ - ૧૯૪૮ ની જોગવાઈ મુજબ બંધારણોય કોર્પોરેટ બોડી છે અને વાદી દયાપર સબ ડિવિઝન ના નાયબ ઇજનેર છે અને પી.જી.વી.સી.એલ.લી. ના અધિકૃત ઓફિસર છે. વાદી પી.જી.વી.સી.એલ. લી. ગુજરાત રાજયમાં વિદ્યુત ઉત્તપાદન કરી નિયત દરે ગ્રાહકોને વીજળી પૂરી પાડે છે. પ્રતિવાદી એ RGPR હેતુસર વાદી કંપની પાસેથી થી ગ્રાહક નં.૮૬૩૪૧/૧૦૦૧૨/૪ થી વીજ જોડાણ મેળવેલ છે. પ્રતિવાદી વીજ બિલના નાણા ની ભરપાઈ ના કરતાં પ્રતિવાદીનું વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવા તારીખ ૩૦/૦૩/૨૦૨૨ ના રોજ હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ વાદી કંપની દ્વારા પ્રતિવાદીને લેણી રકમ ની ભરપાઈ કરી આપવા વકીલશ્રી મારફતે તારીખ ૧૦/૦૨/૨૦૨૪ ના રોજ નોટિસ આપવામાં આવેલ તેમ છતાં પ્રતિવાદીએ વીજ વપરાશના બિલોની કાયદેસરની લેણી રકમ ભરપાઈ ના કરતા વાદી કંપની એ લેણી રકમ વિલંબિત ચાર્જ તથા વ્યાજ ખર્ચ સહિત વસૂલવા હાલનો દાવો કરેલ છે.

(૨). દાવો દાખલ થયા બાદ પ્રતિવાદીને સમન્સની બજવણી થવા છતાં પ્રતિવાદી પોતે કે વકીલશ્રી માતફતે હાજર ના રહેતા પ્રતિવાદી વિરુદ્ધ એકતરફી કામ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩). ઉપરોક્ત હકીકતે દાવાના ન્યાયિક નિર્ણય સારું નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

(૧). શું વાદી સાબિત કરે છે કે પ્રતિવાદી રૂ.૪૫,૮૨૯.૪૭/- લેણી રકમ જમા આપવા જવાબદાર છે ?

(૨). શું વાદી સાબિત કરે છે કે વાદી લેણી રકમ વ્યાજ સાથે પરત લેવા હકદાર છે ?

(૩). શું વાદી માગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે ?

(૪). શું હુકમ અને હુકમનામું ?

દાવાના ન્યાયિક નિર્ણયસારું ઉપરોક્ત મુદ્દાઓ નીચે મુજબ નિર્ણિત કરવામાં આવેલ છે.

(૧). અંશત: હકારમાં
(૨). અંશત: હકારમાં
(3). અંશત: હકારમાં
(૪). આખરી હુકમ મુજબ

(૪). વાદી તરફે નીચે મુજબ નો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો**

| વિગત | આંક |
|---|---|
| ૧. વાદી પરમાર નિતિન ગોવિંદભાઇ ના પુરાવાનું સોગંદનામું | ૧૦ |

**દસ્તાવેજી પુરાવો**

| વિગત | આંક |
|---|---|
| ૧.પ્રતિવાદીના એકાઉન્ટ લેજર ની ખરી નકલ | ૧૨ |
| ૨.સ્ટેટમેન્ટ ઓફ ડી.પી.સી.પત્રક ની ખરી નકલ | ૧3 |
| 3.કલેક્શન વ્યૂ રિપોર્ટ ની ખરી નકલ | ૧૪ |
| ૪.પ્રતિવાદીના વીજ જોડાણ માસ્ટર ડિટેઈલ ની ખરી નકલ | ૧૫ |
| ૫.પ્રતિવાદીને વકીલશ્રી મારફતે મોકલેલ નોટિસની સ્થળપ્રત | ૧૬ |
| ૫.પ્રતિવાદીનું વીજ જોડાણ કાપવા કરેલ હુકમની નકલ | ૧૭ |
| ૬.પ્રતિવાદીને વકીલશ્રી મારફતે મોકલેલ નોટિસની સ્થળપ્રત | ૧૮ |

| | |
|---|---|
| ૭. અકનોલેજમેન્ટ સ્લીપ નકલ | ૧૯ |
| ૮.પરફોર્મા નં.૧૨ ની ખરી નકલ | ૨૦ |

(૫). ત્યારબાદ વાદી તર્ફે આંક-૨૧ થી ક્લોઝિંગ પુરસીસ રજૂ કરેલ છે. પ્રતિવાદી તર્ફે દાવાના કામે કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. ત્યારબાદ વાદી તર્ફે વિ.વ.શ્રી ની દલીલ સાંભળી.

**---કારણો--**

**મુદ્દા નંબર ૧ થી ૪**

(૬). ઉપરોક્ત તમામ મુદ્દાઓ હકીકત અને કાયદાકીય દ્રષ્ટિએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોઈ હકીકતોનું પુનરાવર્તન નિવારવા એક સાથે તેની ચર્ચા કરવામાં આવેલ છે. વાદી જાહેર સંસ્થા અને વીજ ઉત્પાદન વીજ પુરવઠો પૂરો પાડવાની કામગીરી કરે છે. વાદી તર્ફે આ કામે આંક-૧૩ વાદી પરમાર નિતિન ગોવિંદભાઇ ના પુરાવાનું સોગંદનામું રજૂ થયેલ કે જેઓ વાદી સંસ્થાના અધિકૃત અધિકારી છે તેમણે તેમના સરતપાસના સોગંદનામાં થી દાવા હકીકતોને તેમજ આંક- ૧૨ થી ૨૦ ના દસ્તાવેજો ને સમર્થન કરતો પુરાવો આપેલ છે. ઉપરોક્ત સાહેદ ની પ્રતિવાદી તર્ફે કોઈ ઊલટ તપાસ થયેલ નથી કે પ્રતિવાદી તર્ફે દાવા હકીકતો કે વાદી તર્ફે રજૂ પુરાવાનું ખંડન કરવા કોઈ વિરૂદ્ધનો પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. વાદી સંસ્થા દ્વારા પ્રતિવાદી પાસેથી ડીલે પેમેન્ટ ચાર્જ ની પણ માંગણી કરેલ છે પરંતુ સિવિલ પ્રોસીજર કોડ ની કલમ-૩૪ મુજબ વાદી તેમજ પ્રતિવાદી વચ્ચે કોઈ કરાર થયેલ હોય તો વાદી તે મુજબનું વ્યાજ મેળવવા હકદાર છે પરંતુ વાદી તર્ફે આવો કરાર દાવાના કામે રજૂ થયેલ નથી. જેથી વાદી ડીલે પેમેન્ટ ચાર્જ સહિત લેણી રકમ વસૂલવા હકદાર હોવાની હકીકતને પુરાવાથી સમર્થન મળતું નથી. વાદી જાહેર સંસ્થા છે અને રેકર્ડ પરના પુરાવાથી એ હકીકત પુરવાર થાય છે કે પ્રતિવાદી વાદી સંસ્થા ને વીજ વપરાશ બીલ ની લેણી રકમ ચૂકવવામાં

કસૂર કરેલ છે અને વાદી સંસ્થા દ્વારા નોટિસ આપવા છતાં નિયત સમયમર્યાદામાં વાદી સંસ્થાને લેણી રકમ ચૂકવેલ નથી જેથી પ્રવર્તમાન સમયમાં ચાલતા રાષ્ટ્રીયકૃત બેન્કના દર મુજબ વાર્ષિક ૦૬% સાદા વ્યાજના દરે લેણી રકમ પર દાવા તારીખથી મેળવવા હકદાર જણાતા હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**---હુકમ---**

(૧). વાદીનો દાવો અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

(૨). આ કામના પ્રતિવાદીએ વાદી સંસ્થાને ને લેણી રકમ રૂ.૨૫,૭૩૫.૦૧ /- વાર્ષિક ૦૬% ના સાદા વ્યાજ સહિત દાવા તારીખ થી વસૂલ થતાં સુધી ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩). વાદીને થયેલ દાવા ખર્ચ પ્રતિવાદી એ ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪). હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૦૮-મે- સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. દયાપર. (જીગર દિલીપભાઇ ત્રિવેદી)

પ્રિન્સિપાલ સિવિલ જજ,દયાપર

તારીખ- ૦૮/૦૫/૨૦૨૬ કોડનંબર-જી.જે-૦૧૦૬૩.